1/92

# 2510E449

Candidate's Seat No : ________

**B.A. Sem.-6 Examination**

**Core 312**

**Gujarati**

**October 2021**

**Time : 2-00 Hours]** **[Max. Marks : 50**

સૂચના : (૧) જમણી તરફના અંક જે તે પ્રશ્નનો ગુણ દર્શાવે છે.
(૨) માગ્યા પ્રમાણે ઉત્તરો આપો.

## વિભાગ-૧

નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો :

૧ ગુજરાતી ભાષાનું શબ્દ ભંડોળ ઉદાહરણો સાથે સમજાવો. ૧૪

૨ કુ, દુર, સમ, અ, અન, ક, વમ, સ, કમ, ગર, બદ, બિન, બે જેવા પૂર્વપ્રત્યયોનું ગુજરાતી ભાષામાં કાર્ય શું છે? તે ઉદાહરણો સાથે સમજાવો. ૧૪

૩ ગુજરાતી ભાષાના અંગ વિસ્તારક પ્રત્યયો કયા છે ઉદાહરણ સાથે જણાવો. ૧૪

૪ ટૂંકનોંધ લખો (બન્ને) : (૧) ગુજરાતી ભાષાના સંયોજકો (૨) રવાનુંકારી અને દ્વિરૂક્ત પ્રયોગો. ૧૪

૫ ગુજરાતી ભાષાની વચનવ્યવસ્થાની વિસ્તૃત સમજૂતી આપો. ૧૪

૬ ગુજરાતી ભાષાની લિંગવ્યવસ્થા ઉદાહરણ સાથે સમજાવો. ૧૪

૭ ટૂંક નોંધ લખો : (બંન્ને) : (૧) આખ્યાતિક રૂપો (૨) કૃદંતના વિવિધ પ્રયોગો અને તેના અર્થ. ૧૪

૮ રચનાની દૃષ્ટિએ વાક્યના પ્રકાર જણાવી તેની ઉદાહરણ સાથે ચર્ચા કરો. ૧૪

## વિભાગ-૨

૯ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર જણાવો. (કોઈ પણ ચાર) : ૦૮

(૧) સંયોજક એટલે શું?
(અ) વાક્યને જોડનાર તત્ત્વ (બ) શબ્દને જોડનાર તત્ત્વ
(ક) સમાસને છૂટું પાડે તે તત્ત્વ (ડ) વાક્યનો અર્થ આપનાર તત્ત્વ

(૨) ભારપૂર્વક વાત કહેવા શબ્દો વપરાય છે તે શબ્દને શું કહે છે?
(અ) કૃદંત (બ) વિશેષણ (ક) નામ (ડ) નિપાત

(૩) 'દેવમંદિર' કયો સમાસ છે?
(અ) દ્વંદ્વ (બ) દ્વિગુ (ક) કર્મધારય (ડ) તત્પુરૂષ

(૪) નીચેનામાંથી કયા પ્રત્યયો પર પ્રત્યયો છે?
(અ) બદ, સમ, અ (બ) ક, વિ. (ક) ઈક, હાર, અણ (ડ) ગેર, બિન

(૫) ગુજરાતી ભાષામાં પુલ્લિંગ બતાવવા કયો પ્રત્યય યોજાય છે?
(અ) 'આ' (બ) 'ઓ' (ક) 'ઈ' (ડ) 'ઉં'

(૬) કર્મણિ વાક્યરચના કેવા પ્રકારની વાક્યરચના છે.
(અ) 'કારકત્વવાળી' (બ) 'રચનાની દૃષ્ટિએ' (ક) 'પ્રયોજનવાળી' (ડ) આમાંથી એકપણ નહિં

(૭) 'વંદના પત્ર લખે છે.' આ કેવી વાક્યરચના છે?
(અ) ભાવે (બ) પ્રેરક (ક) સાદી (ડ) પુનઃપ્રેરક

(૮) ડુંગર, ટંટો, ધબ્બો, ગોબરું એ કેવા પ્રકારના શબ્દો છે?
(અ) તત્સમ્ (બ) તદ્ભવ (ક) દ્વેશ્ય (ડ) ફારસી.